# વર્ચ્યુઅલ ક્લાસરૂમ પ્રોજેક્ટ શા માટે ?

**શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૪માં પ્રાયોગિક ધોરણે *GIET, GCERT, BISAG* અને *SSA* ના સહયોગથી 'ગતિશીલ ગુજરાત કાર્યક્રમ' હેઠળ છ જિલ્લાઓ અને મૉડેલ સ્કૂલમાં આ કાર્યક્રમ અમલીકૃત કરવામાં આવેલ હતો. હાલમાં તમામ પ્રાથમિક શાળાઓ આ કાર્યક્રમનો લાભ લઇ રહી છે.**

**• પ્રવર્તમાન સમયમાં *Massive Online Open Courses (MOOCs)*ની ડીમાન્ડ વધેલ છે. જેથી પણ શિક્ષણમાં ઇનોવેશનને સ્થાન છે.**

**• રાજ્યમાં આર.ટી.ઇ.–૦૯ના અમલીકરણથી ધોરણ ૬ થી ૮માં વિષય શિક્ષક તરીકે ભાષા શિક્ષકની ભરતી થાય છે જેમાં ભાષા શિક્ષક તરીકે અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત પૈકી કોઇ એક મુખ્ય વિષય હોય તે શિક્ષકો તરીકે કામગીરી બજાવે છે.**

**• અંગ્રેજી સિવાયના મુખ્ય વિષયવાળા શિક્ષકને અંગ્રેજી વિષયના શિક્ષણકાર્યમાં પડતી મુશ્કેલી નિવારવા માટે વર્ચ્યૂઅલ ક્લાસરૂમ પ્રોજેક્ટ ઉપયોગી.**

**• શિક્ષણ કાર્યમાં ઈ–લર્નીંગનો ઉપયોગ વધારવા અને તજજ્ઞીય શિક્ષકોનો પ્રત્યક્ષ લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.**



**પ્રોડક્શન યુનિટ**

- જવાબદાર સંસ્થા : જી.સી.ઇ.આર.ટી. અને જી.આઇ.ઇ.ટી.

**મુખ્ય જવાબદારી :**

- સાપ્તાહિક અભ્યાસક્રમ આયોજન અનુસાર વિષયવસ્તુ આધારિત પાઠ પસંદગી
- પ્રસારણ માટે સ્ક્રીપ્ટનું લેખન અને પાઠ આયોજન
- ક્વોલિટી કન્ટ્રોલ યુનિટ સાથે પાઠ પસંદગી સંદર્ભે સંકલન
- પ્રસારણ થનાર પાઠ / કન્ટેન્ટનું ઇન–ડોર અને આઉટ ડોર શુટિંગ

**ક્વોલિટી કન્ટ્રોલ યુનિટ**

- જવાબદાર સંસ્થા : જી.સી.ઇ.આર.ટી. અને ડાયટ
- મુખ્ય જવાબદારી :
- પ્રસારિત થનાર કાર્યક્રમની ગુણવત્તા, માર્ગદર્શન અને મોનીટરીગ
- કાર્યક્રમમાં જરૂરિયાત અનુસાર ફેરફાર કરવા
- તજજ્ઞીય સહયોગ :
- ડૉ રાજેન્દ્રસિંહ જાડેજા, નિવૃત્ત નિયામક, એચ.એમ.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ગ્લીશ
- સુશ્રી રંગનાયકી, નિવૃત્ત પ્રોફેસર, ઈન્ગ્લીશ એન્ડ ફોરેન લેંગ્વેજ, હૈદરાબાદ
- સુશ્રી ગીતાબેન શર્મા, ઉન્નતિ ફાઉન્ડેશન, અમદાવાદ

**હેલ્પલાઇન યુનિટ**

- જવાબદાર સંસ્થા : જી.સી.ઇ.આર.ટી., ડાયટ, એસએસએ, બાયસેગ
- મુખ્ય જવાબદારી :
- પ્રસારણ થનાર પાઠ દરમિયાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઉદભવતા પ્રશ્નો અને મૂંઝવણોના સમાધાન

**આયોજન :**

- બે ટોલ ફ્રી નંબર
- રાજ્ય અને જિલ્લા કક્ષાની કોર ટીમ દ્વારા માર્ગદર્શન
- વેબસાઇટ પર ચેટ દ્વારા, બ્લોગ અને અન્ય માધ્યમો દ્વારા
- બાયસેગ, બીઆરસી–સીઆરસી, ડીસ્ટ્રીક્ટ–બ્લોક એમ.આઇ.એસ. દ્વારા ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ અને સહાય

મોનીટરીંગ યુનિટ

**જવાબદાર સંસ્થા** : જી.સી.ઇ.આર.ટી., ડાયટ

**મુખ્ય જવાબદારી** : પ્રસારણ દરમ્યાન રીસીંવીગ સેન્ટર પર અભ્યાસ સુનિશ્ચિત કરાવશે.

- કાર્યક્રમના ઇમ્પેક્ટ એસેસમેન્ટમાં મદદગારી

**આયોજન :**

- ત્રિસ્તરીય મોનીટરીંગ વ્યવસ્થા
- ડાયટ – ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાનું મોનીટરીંગ યુનિટ
- છ ડાયટ દીઠ ઓછામાં ઓછા પાંચ વ્યાખ્યાતા મોનીટરીંગમાં જોડાય

**એસેસમેન્ટ યુનિટ**

- જવાબદાર સંસ્થા : જી.સી.ઇ.આર.ટી., ડાયટ જામનગર
- મુખ્ય જવાબદારી :
- કાર્યક્રમનું ઇમ્પેક્ટ એસેસમેન્ટ કરવું

**આયોજન :**

- ઇમ્પેક્ટ એસેસમેન્ટ માટેની યોજના તૈયાર કરવી.
- માહિતી એકત્રીકરણ માટેના ઉપકરણો તૈયાર કરવા
- છ જિલ્લામાં જે તે ડાયટના વ્યાખ્યાતાની મદદથી ઇમ્પેક્ટ એસેસમેન્ટ માટે ક્ષેત્ર કાર્ય કરવું.
- ઇમ્પેક્ટ એસેસમેન્ટ રીપોર્ટ તૈયાર કરવો અને સુધારણા માટે ભલામણ કરવી

**પ્રોજેક્ટની વિશિષ્ટ બાબતો**

- પ્રોજેક્ટના અમલીકરણ માટે સઘન શિક્ષક તાલીમનું આયોજન
- ડાયટ વ્યાખ્યાતા અને એસ.આર.જી.ની મદદથી પાઠની સ્ક્રીપ્ટ ડીઝાઇન
- જરૂરી ભૌતિક સુવિધાઓની શિક્ષણ વિભાગ દ્વારા ઉપલબ્ધતા
- સમયપત્રકનું આયોજન વર્ચ્યુઅલ ક્લાસરૂમને અનુરૂપ
- બ્લોગ અને યુ–ટ્યુબના ઉપયોગ દ્વારા પાઠના પુનરાવર્તન તથા સુદ્રઢિકરણ માટેની વ્યવસ્થા
- બ્લોગ અને *Whatsapp*ના ઉપયોગથી શિક્ષકો અને વિદ્યાર્થીઓના પ્રશ્નોનું સમાધાન અને માર્ગદર્શન
- સઘન મોનીટરીંગ અને ફીડબેક મીકેનીઝમ
- નાવિન્યીકરણ હેતુસર જુદા જુદા કાર્યક્રમોનું આયોજન
- ક્વીઝ
- લીસનિંગ પ્રેક્ટીસ
- શિક્ષણને લગતી ચિલ્ડ્રન્સ ફીલ્મનું પ્રસારણ

shikshansagar.com Shikshan Sagar Thinking of Education